# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05/04/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **ન્યાયિક અને વહીવટી પ્રક્રિયામાં AI ના ઉપયોગને લઈને ગુજરાત હાઇકોર્ટે ચોક્કસ નીતિ જાહેર કરી.**
2. **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરી.**
3. **અમરેલીના ખાંભની મીતિયાળા વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી પાસેના વિસ્તારમાં ભીષણ આગ.. વન્યજીવો સામે જોખમ**
4. **સૌરાષ્ટ્રના અને ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં વરસાદની શક્યતા**
5. **IPLમાં અમદાવાદ ખાતે રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સને રાજસ્થાન રોયલ્સે હરાવ્યું**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# GUJARAT HIGH COURT

ગુજરાત હાઇકોર્ટ દ્વારા ન્યાયિક અને વહીવટી પ્રક્રિયામાં AI ના ઉપયોગને લઈને એક પોલિસી બહાર પાડવામાં આવી છે.

આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ન્યાયિક કામગીરીમાં કાર્યક્ષમતા વધારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો છે, પરંતુ સાથે સાથે ન્યાયિક સ્વતંત્રતા અને માનવીય વિવેકબુદ્ધિની સર્વોપરિતા જાળવી રાખવાનો છે. ન્યાય વિતરણમાં AI માત્ર એક સહાયક સાધન તરીકે રહેશે, ન્યાયાધીશના વિકલ્પ તરીકે નહીં.

AI નો ઉપયોગ કેસોનું વિતરણ, આંકડાકીય અહેવાલો તૈયાર કરવા અને આંતરિક તાલીમ માટે પ્રેઝન્ટેશન બનાવવા, ચુકાદાઓ શોધવા, કાયદાકીય સિદ્ધાંતોનું વિશ્લેષણ કરવું અને સંદર્ભો મેળવવા, દસ્તાવેજોનું મશીન દ્વારા ભાષાંતર અને સુનવણીનું લખાણ તૈયાર કરવા કરી શકશે, જો કે તેની માનવીય ચકાસણી અનિવાર્ય છે. AI દ્વારા મુસદ્દાની ભાષા સુધારવા અને વ્યાકરણની ભૂલો સુધારવા માટે ઉપયોગ કરી શકાય છે.

# ELECTION

રાજ્યમાં આગામી 26 એપ્રિલના રોજ યોજનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ કમર કસી લીધી છે.

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી દ્વારા છેલ્લા બે દિવસથી સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લા

પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી માટે 1 હજાર 680થી વધુ કાર્યકર્તાઓએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે.

રાજકોટ ખાતે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, જિલ્લા કોંગ્રેસ સમિતિઓ દ્વારા રચાયેલી ચૂંટણી સમિતિઓએ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરી છે. આજે ઉમેદવારોની જાહેરાત કરાશે.

આમ આદમી પાર્ટી દ્વારા અમદાવાદ ખાતે, ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયની આગેવાનીમાં "મહાનગરપાલિકા ચૂંટણી તૈયારી બેઠક"નું આયોજન કરવામાં આવ્યું હતું, **AIMIM** ના વડા આસદઉદીન ઓવૈસીએ અમદાવાદના ખાનપુર ખાતે સભા સંબોધી હતી.

## ELECTION-CHHOTA UDEPUR--RAJKOT

છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી નગરપાલિકા, સાત તાલુકા પંચાયત અને એક જિલ્લા પંચાયતમાં જિલ્લા ચૂંટણી અધિકારી તેમજ મદદનીશ ચૂંટણી અધિકારી અધ્યક્ષસ્થાને ચૂંટણી અધિકારીઓ અને અન્ય મદદનીશ ચૂંટણી અધિકારીઓ **(ARO)** માટેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્યારે, રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશઝાએ, સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે આદર્શ આચાર સંહિતા અમલી હોય તે વિસ્તારમાં દરેક જાતના હથિયારોના પરવાનેદારોને હથિયારો જે તે સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરવા આદેશ કર્યો છે.

# AMRELI AAG

અમરેલી જિલ્લાના ખાંભા નજીક મીતિયાળા વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી પાસેના વિસ્તારમાં ભીષણ આગ લાગી હતી. આ આગ ગઈકાલે મોડી સાંજની આસપાસ લાગી હતી. જે હજું પણ યથાવત્ છે અને અંદાજે **40** વીઘાથી વધુ વિસ્તાર તેની ચપેટમાં આવી ગયો છે.

પક્ષીઓ અને વન્યપ્રાણીઓના જીવ જોખમમાં મુકાયાની ભીતિ સેવાઈ રહી છે. આ વિસ્તાર એશિયાટિક સિંહોના નિવાસસ્થાનની નજીક હોવાથી પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા વધી ગઈ છે.

# INDIAN OIL LPG

ગુજરાત સહિત દેશભરમાં સ્થાનિક **LPG** વેચાણ સામાન્ય રહ્યું હોવાનું ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનદ્વારા જણાવાયું છે. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને તમામ **Indane** ગ્રાહકોને ખાતરી આપી છે કે પુરવઠો પૂરતો અને સ્થિર રહે છે, અને દેશમાં **LPG**ની કોઈ અછત નથી.

વૈશ્વિક ઉર્જા બજારોને અસર કરતી ચાલુ ભૂરાજકીય ઘટનાઓ છતાં, ભારતનો **LPG** પુરવઠો સ્થિર, પૂરતો અને ગાઢ દેખરેખ હેઠળ છે. સ્થાનિક **LPG** ને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.હાલમાં દરરોજ લગભગ **28** લાખ **LPG** સિલિન્ડર પહોંચાડી રહ્યું છે, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવતી ચિંતાઓને સક્રિયપણે સાંભળી રહ્યું છે અને તેમને તાત્કાલિક ઉકેલવા માટે પ્રતિબદ્ધ છે.

**Indane ગ્રાહકોને ઝડપી સહાય માટે indanecareho@indianoil.in પર સંપર્ક કરવા વિનંતી છે. સોશિયલ મીડિયા અને ગ્રાહકોની ફરિયાદો દ્વારા ચોક્કસ LPG વિતરકો દ્વારા ગેરરીતિઓના અહેવાલો નોંધાયા છે.**

**કાળાબજાર અને સંગ્રહખોરીને રોકવા માટે, LPG વિતરકોનું ઓચિંતી તપાસ કરવા માટે બહુવિધ ક્રોસ ફંક્શનલ ટીમો તૈયાર રાખવામાં આવી છે. આજ સુધીમાં, 7,500 થી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાંથી 141 LPG વિતરકો સામે કાર્યવાહી કરવામાં આવી છે અને 5 વિતરકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સંગ્રાહખોરી અટકાવવા અત્યાર સુધીમાં, લગભગ 68 હજાર દરોડા પાડવામાં આવ્યા છે, 855 એફઆઈઆર નોંધવામાં આવી છે અને 48 હજારથી વધુ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે.**

# ARVALLI POLICE

**અરવલ્લી જિલ્લાના શામળાજીના અસાલ નજીક તાજેતરમાં એક હોટલમાં તોડફોડ અને મારામારીની ઘટના બની હતી. ટિંટોઈ પોલિસ સ્ટેશન વિસ્તારમાં બનેલી મારમારીની ઘટનાના આરોપીઓને પોલિસે ઝડપી પાડ્યા છે.**

**અરવલ્લી DY.SP જે. ડી. વાઘેલાએ આ અંગે વધુ માહિતી આપી.**

**બાઈટ : જે. ડી. વાઘેલા, Dy.SP, અરવલ્લી**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

## WEATHER

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે ગરમી વધવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના અને ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં વરસાદની શક્યતા છે.

જ્યારે આઠમી એપ્રિલ બાદ તાપમાન બેથી 3 ડિગ્રી વધશે તેવી શક્યતા દર્શાવી છે.

બાઈટ : રામાશ્રય યાદવ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક

# GUJARAT SECONDARY EDUCATION BOARD

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ગુજકેટની પરીક્ષાની આન્સર કી મુકવામાં આવી છે. જે અંગેની રજૂઆતો આગામી તા. 8 એપ્રિલ સુધીમાં મોકલી આપવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તા. 29 માર્ચના રોજ લેવાયેલી ગુજરાત કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (ગુજકેટ)ના ગણિત (050), ભૌતિક વિજ્ઞાન (054), રસાયણ વિજ્ઞાન (052), જીવ વિજ્ઞાન (056)ના પ્રશ્નપત્ર સેટ (ટી.ક્યુ.પી.) નંબર 1 થી 20 ની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમના તજજ્ઞો દ્વારા તૈયાર કરાયેલ પ્રોવિઝન આન્સર કી બોર્ડની વેબ સાઈટ www.gesb.org પર મુકવામાં આવેલ છે.

આ આન્સર કી અંગે આપની કોઈ રજુઆત હોય તો આ સાથે સામેલ નિયત નમૂનામાં વિષયવાર, માધ્યમવાર, પ્રશ્નઃદીઠ અલગ અલગ ફોર્મ ભરીને ઈમેઈલ આઈડી gujcetkey@gmail.com ઉપર તા. 8 એપ્રિલ સાંજના 18-00 કલાક સુધીમાં જરૂરી આધારો સાથે મોકલી આપવાની રહેશે.

# PANCHMAHAL NABH HOSPITAL

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ઓરવાડા સ્થિત આરોગ્યમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને NABH દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ છે. આ સાથે હોસ્પિટલ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં NABH માન્યતા મેળવનારી પ્રથમ

અને એકમાત્ર હોસ્પિટલ બની છે. ખાસ કરીને કેન્સર અને યુરોલોજી વિભાગમાં વિશેષ મંજૂરી આપવામાં આવી છે.

દોઢ વર્ષ પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શરૂ થયેલી આ હોસ્પિટલ હવે રાષ્ટ્રીય ધોરણોની શ્રેણીમાં સામેલ થઈ છે. દર્દી સુરક્ષા, ગુણવત્તાયુક્ત સારવાર અને આધુનિક ટેકનોલોજી સાથે હોસ્પિટલ વિસ્તારમાં ઉત્તમ આરોગ્ય સેવાઓ પૂરી પાડી રહી છે.

## BOTAD-SILAI TALIM

આસ્થા સ્નેહનું ઘર બોટાદ ખાતે દિવ્યાંગ મહિલાઓ માટે અંધજન મંડળ અમદાવાદ દ્વારા બાર દિવસનો સિલાઈ તાલીમ કેમ્પનો પ્રારંભ અંધજન મંડળ ડેપ્યુટી ડાયરેક્ટર ભરત જોશીએ કર્યો હતો.

બાર દિવસની તાલીમ પૂર્ણ થતા RCL એજન્સી સમસારા ગ્રુપ દ્વારા તમામ દિવ્યાંગ બહેનોને આખા આટાનાં મોટર સાથેના સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. સિલાઈ મશીન મેળવનાર શિતલબેન ઉગ્રજીયાએ ખુશી વ્યક્ત કરી હતી.

બાઇટ: શિતલબેન અરવિંદભાઈ ઉગ્રજીયા

## SPIPA WORKSHOP

ગાંધીનગરના સેક્ટર-૨૬ સ્થિત સરદાર પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, સ્પીપા ખાતે એક કાર્યશાળા યોજાઇ હતી. ગુજરાત સરકારના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ દ્વારા ‘ઇન્સ્ટિટ્યુશન લાઇઝિંગ કેપેસિટી

બિલ્ડીંગ: ફ્રોમ ટ્રેનિંગ ટુ પરફોર્મન્સ-લિંક્ડ ગવર્નન્સ' વિષય પર આ વર્કશોપમાં ચર્ચા કરવામાં આવી હતી.

ભારત સરકારના 'મિશન કર્મયોગી' અભિગમને વેગ આપતા આ વર્કશોપનો મુખ્ય હેતુ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની તાલીમ પદ્ધતિને પરંપરાગત માળખામાંથી બહાર લાવી, તેમની ચોક્કસ ભૂમિકા અને જવાબદારીઓ મુજબ સક્ષમ બનાવી વહીવટી તંત્રને વધુ પરિણામલક્ષી બનાવવાનો છે.

આ વર્કશોપ દરમિયાન આઠ અલગ-અલગ વર્કિંગ ગ્રુપ્સ દ્વારા એકીકૃત તાલીમ માળખું, તાલીમ સંસ્થાઓનું સુદ્રઢીકરણ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ **(AI)** નો ઉપયોગ અને કેડર મુજબ સતત તાલીમ વ્યવસ્થા જેવા મહત્વના મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી.

# GNLU WORKSHOP

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે **"WE, THE PEOPLE"** વ્યાખ્યાન શ્રેણી હેઠળ ભારતની *સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને "ડૉ. બી.આર. આંબેડકરનો બંધારણીય દ્રષ્ટિકોણ અને વારસો"* વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

શ્રી ઉજ્જલ ભુયાને તેમના પ્રવચનમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરના બંધારણ પ્રત્યેના અભિગમ વિશે વિગતે વાત કરી હતી અને બંધારણના રક્ષણ માટે બંધારણીય મૂલ્યોનું જતન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે, સિક્કિમ હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ એ. મુહમ્મદ મુસ્તાક સહિતના ન્યાયાધીશો, વકીલો, કાયદાના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ASHMITA UNDER 13 NATIONAL FOOTBALL

અસ્મિતા અંડર 13 નેશનલ ફૂટબોલ માટે ગુજરાતની મહિલા ટીમ સજ્જ થઇ ગઇ છે. જેમાં ગુજરાતની ટીમ સાતમી એપ્રિલના રોજ ટૂર્નામેન્ટની પ્રારંભિક મેચમાં કેરાલા સામે રમશે. ગુજરાતની ટીમ ગ્રૂપ A માં હોસ્ટ પંજાબ, મિજોરમ અને કેરેલા છે. ગ્રૂપ B માં કર્નાટક, આસામ, જારખંડ અને રાજસ્થાનની ટીમો છે.

ગુજરાત ટીમની બીજી મેચ 9 એપ્રિલના રોજ મિજોરમ સાથે અને 11 એપ્રિલના રોજ પંજાબ સાથે છે.

# IPL

**IPL** ક્રિકેટમાં**,** ગઇકાલે રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઇટન્સને **6** રને હરાવ્યું હતું. રાજસ્થાન રોયલ્સે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરી નિર્ધારિત **20** ઓવરમાં **210** રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાત ટાઇટન્સ **20** ઓવરમાં **204** રન બનાવી શકી. જ્યારે બીજી મેચમાં, દિલ્હી કેપિટલ્સે મુંબઈ ઇન્ડિયન્સને **6** વિકેટે હરાવ્યું હતું.

**IPL** ક્રિકેટમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ બપોરે **3:30** વાગ્યે શરૂ થશે**,** અને બીજી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે **7:30** વાગ્યે શરૂ થશે.

---------------------------------------------